# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/325 Dt. 07/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ દ્વારા બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગ યોજાઇ

### જીવનમાં તમારે તમારી લડાઇ એકલાએ જ લડવાની છે, માટે બીજાના પર કુદવાને બદલે પોતે જ આત્મનિર્ભર બનવાની કોશિષ કરો, કયારેય કોઇની ફોટોસ્ટેટ કોપી બનવાનું પસંદ નહીં કરો, જાતે જ બ્રાન્ડ બનો : વકતા તરીકે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ (WEC) દ્વારા શુક્રવાર, તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે એમોર, સુરત ખાતે બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગ વિથ ફીચર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ વકતા તરીકે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, મારું મારું કરશો તો મરી જશો અને તારું તારું કરશો તો તરી જશો. તારું તારું કરશો તો તરી જવાની ઘટના એટલે નેટવર્કિંગ. તમે કોઇકને બિઝનેસ અપાવશો તો તે વ્યકિત તમને પણ બિઝનેસ અપાવવાનો પ્રયત્ન કરશેજ. આમ આપવાની ભાવના થકી કુદરતી રીતે તમારો પોતાનો બિઝનેસ પણ ન્યાયિક રીતે વધે જ છે.

બિઝનેસમાં સફળતા માટે વકતા શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું હતું કે, આઉટ ઓફ બોકસ થિન્કિંગ કરો. તમે જે કામ કરો છો એને ગમતું કરવાનો પ્રયત્ન કરો. જીવનમાં તમારે તમારી લડાઇ એકલાએ જ લડવાની છે, માટે બીજાના પર કુદવાને બદલે પોતે જ આત્મનિર્ભર બનવાની કોશિષ કરો. કયારેય કોઇની ફોટોસ્ટેટ કોપી બનવાનું પસંદ નહીં કરો, જાતે જ બ્રાન્ડ બનો. જન્મ અને મૃત્યુ વચ્ચેની ઘટના એટલે જીવન, માટે જીવનની

દરેક ક્ષણને માણો. વધુમાં તેમણે મહિલા ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા અને અર્થતંત્રમાં તેમના યોગદાનને વખાણ્યું હતું તથા ચેમ્બર હંમેશા મહિલા ઉદ્યોગ સાહસિકોને પૂરતું માર્ગદર્શન અને સહયોગ આપતું રહેશે તેવી ખાત્રી આપી હતી.

ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર્સ સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદના સ્વાગત પ્રવચનથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તેમણે વિમેન એમ્પાવરમેન્ટનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, સ્ત્રીઓમાં જે આંતરિક શકિતઓ ધરબાયેલી છે તેને વેગ આપવાનું કામ ચેમ્બરની વુમન આંત્રપ્રિન્યોર્સ સેલ કમિટી કરે છે. દરેક વ્યકિતને બિઝનેસની શરૂઆતમાં પ્લેટફોર્મની જરૂરિયાત હોય છે, ચેમ્બર પોતાના મહિલા સભ્યોને સશકત અને આત્મનિર્ભર બનાવવા માટે એક મજબુત પ્લેટફોર્મ આપ્યું છે અને તેનો લાભ સૌએ લેવો જોઇએ.

વુમન આંત્રપ્રિન્યોર્સ સેલના કો–ચેરપર્સન સુશ્રી મિનાક્ષી ભટનાગર દ્વારા પ્રથમ ફીચર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાં તેમણે બિઝનેસ ગ્રોથ, પ્રેઝન્ટેશન સ્કિલ્સ અને મહિલા ઉદ્યોગ સાહસિકોના વિકાસ અંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

સુશ્રી ધરા શાહ દ્વારા ૨૦૨૬ વિઝન બિઝનેસ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે કમિટીના સભ્યો માટે બીજું ફીચર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું, જેમાં ભવિષ્યના બિઝનેસ ટ્રેન્ડ્સ અને વ્યૂહરચનાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

વુમન આંત્રપ્રિન્યોર સેલના સભ્ય શ્રીમતી સ્વાતી શેઠવાલા દ્વારા મિટીંગમાં ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં મહિલા ઉદ્યોગ સાહસિકોમાં સકારાત્મક પ્રતિસાદ જોવા મળ્યો હતો.